# Day to Day Current Affairs

27.Dec 2015

## ૧. ઓસ્ટ્રેલિયાએ 1000 સદીનો રેકોર્ડ કર્યો :

- તાજેતરમાં વેસ્ટ ઈન્ડિસ સામેની ટેસ્ટમેચમાં ઓસ્ટ્રેલિયાના ઉસ્માન ખ્વાજાએ સદી ફટકારતા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ઓસ્ટ્રેલિયાની 1000 સદી પુરી થઈ.
- ઓસ્ટ્રેલિયાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ટેસ્ટ વન-ડે અને ટી-20 એમ ત્રણેય ફોર્મેટની મેચીસને ભેગી કરતાં આ માઈલસ્ટોનને હાંસલ કર્યો છે.
- આ સિધ્ધિ મેળવનાર ઓસ્ટ્રેલિયા વિશ્વનો એકમાત્ર દેશ બની ગયો છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સદીના રેકોર્ડમાં ઓસ્ટ્રેલિયા પછી ઈંગ્લેન્ડની ટીમ બીજો ક્રમ ધરાવે છે અને ત્રીજા ક્રમે ભારત છે.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રણેય ફોર્મેટમાં સદી નોંધાવનાર ટોપ થ્રી દેશ.

| દેશ | મેચ | 100 | 50 |
|---|---|---|---|
| ઓસ્ટ્રેલિયા | 1725 | 1000 | 2851 |
| ઈંગ્લેન્ડ | 1704 | 964 | 2749 |
| ભારત | 1443 | 688 | 2135 |

## ૨. સત્યેન્દ્ર ડાગર : રેસલર

- WWE માં ભારતને એક અલગ ઓળખ અપાવનાર ધ ગ્રેટ ખલી બાદ વધુ એક પહેલવાન સત્યેન્દ્ર ડાગર WWE રિંગમાં ઉતરશે.
- હરિયાણાના સોનીપત જિલ્લાના બાધડુ ગામનો સત્યેન્દ્ર આગામી 15 અને 16મી જાન્યુઆરીના રોજ WWE રિંગમાં ઉતરશે.
- સત્યેન્દ્રનો પ્રથમ મુકાબલો જ્હોન સિના સામે હશે.
- WWE દ્વારા સત્યેન્દ્રને આગામી ત્રણ વર્ષ માટે રૂ.5 કરોડમાં સાઈન કર્યો છે.
- અખાડાઓમાં પહેલવાની કરી સત્યેન્દ્ર ડાગરે અલગ ઓળખ બનાવી છે અને તે ત્રણ વખત હિંદ કેસરી રહી ચૂકયો છે.
- જ્હોન સિના અને સત્યેન્દ્ર ડાગર વચ્ચેનો આ મુકાબલો નવી દિલ્હી ખાતે યોજાશે.

### પ્રશ્નો

1. તાજેતરમાં કઈ ટીમ દ્વારા આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ત્રણેય ફોર્મેટ મળીને 1000 સદીનો વર્લ્ડ રેકોર્ડ બનાવાયો? – ઓસ્ટ્રેલિયા
2. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી વધુ સદી નોંધાવનાર દેશમાં ભારત ક્યાં ક્રમે છે? – ત્રીજા (688 સદી)
3. ધ ગ્રેટ ખલી બાદ ભારતનો ક્યો પહેલવાન WWE ની રિંગમાં ઉતરશે? – સત્યેન્દ્ર ડાગર
4. સત્યેન્દ્ર ડાગરનો પ્રથમ મુકાબલો કોની સામે હશે? –જ્હોન સિના
5. WWE દ્વારા સત્યેન્દ્રને કેટલા વર્ષ માટે અને કેટલા રૂપિયામાં સાઈન કરાયો છે? – ત્રણ વર્ષ, પાંચ કરોડ રૂપિયા.

Vivekanand Academy, Gandhinagar